### કેન્સર સારવારમાં

# મોબાઇલ કન્સલ્ટેશન સુવિધા અને સારવારની વાસ્તવિકતા વચ્ચેનું ખતરનાક અંતર



ટેક્નોલોજીએ માનવ જીવનને અદ્‌ભૂત રીતે બદલ્યું છે. મોબાઈલ ફોન આજે માત્ર સંવાદનું સાધન નથી રહ્યો, તે નિર્ણય લેવાની રીત, આરોગ્ય વિશેની સમજ અને સારવાર સુધી પહોંચવાની પ્રક્રિયાને પણ નિયંત્રિત કરી રહ્યો છે. ‘એક ક્લિક પર ડૉક્ટર’, ‘ઘર બેઠાં સલાહ’, ‘વિડિયો કોલ પર સારવાર’ જેવી વાતો હવે સામાન્ય બની ગઈ છે. ખાસ કરીને કોવિડ-19 મહામારી પછી મોબાઈલ કન્સલ્ટેશન અથવા ટેલિકન્સલ્ટેશનને લોકો દ્વારા ઝડપથી સ્વીકારવામાં આવ્યું. શરૂઆતમાં આ વ્યવસ્થા અનુકૂળ લાગી. હોસ્પિટલ જવાનું ટળ્યું, સમય બચ્યો અને દર્દીને લાગ્યું કે ટેક્નોલોજી આરોગ્યને સરળ બનાવી રહી છે પરંતુ જ્યારે આ જ પધ્ધતિને કેન્સર જેવી ગંભીર, જટિલ અને લાંબા ગાળાની બીમારી સાથે જોડવામાં આવે છે ત્યારે સુવિધાની આ ચમક પાછળ ઘણા ઊંડા અને જોખમી પ્રશ્નો છુપાયેલા છે. કેન્સર-કેર એ એવું ક્ષેત્ર છે જ્યાં સારવાર માત્ર દવા પૂરતી નથી પરંતુ સતત અવલોકન, અનુભવ અને માનવ સંપર્કની માંગ કરે છે.

## કેન્સરઃ એક રોગ નહીં, પરંતુ સંપૂર્ણ જીવનનો સંઘર્ષ

કેન્સર કોઇ એક અંગની સમસ્યા નથી. તે શરીર, મન અને સમગ્ર જીવનને અસર કરતો રોગ છે. કેન્સર દર્દી માત્ર રિપોર્ટસનો સંગ્રહ નથી, તે એક એવો માણસ છે જે થાક, ડર, અનિશ્ચિતા અને આશા સાથે જીવે છે. તેની શારીરિક શક્તિ રોજ બદલાય છે, તેની માનસિક સ્થિતિ સારવાર સાથે ઉતાર-ચઢાવ અનુભવતી રહે છે અને પરિવાર પર પણ તેની અસર પડે છે. કેન્સર-કેર એટલે દર્દીને માત્ર દવા આપવી નહીં પરંતુ દર્દીને સતત જોવું, સાંભળવું અને સમજવું. દર્દીના ચહેરા પર દેખાતો થાક, છુપાયેલો ડર, શરીરની નબળાઇ અને સારવારથી થતાં સૂક્ષ્મ ફેરફારો- આ બાબતો શારીરિક હાજરીમાં જ સમજાય છે. સ્ક્રીન પર દેખાતો દર્દી વાસ્તવિક સ્થિતિનું પૂરું પ્રતિબિંબ આપી શકતો નથી અને આ જ મોબાઇલ કન્સલ્ટેશનની સૌથી મોટી મર્યાદા છે.

## પ્રારંભિક લક્ષણો અને મોડું નિદાન : સૌથી મોટું જોખમ

ઘણાં કેન્સરો શરૂઆતમાં ખૂબ સામાન્ય લક્ષણો આપે છે. લાંબા સમયથી થાક લાગવો, વજન ધીમે ધીમે ઘટવું, અસ્પષ્ટ તાવ, હળવો દુખાવો અથવા નાની ગાંઠ - આ બધું રોજિંદા જીવનમાં સહેલાઈથી અવગણાઈ જાય છે. મોબાઈલ કન્સલ્ટેશનમાં આવાં લક્ષણોને ઘણી વાર સ્ટ્રેસ, ઈન્ફેક્શન કે પાચન તકલીફ તરીકે જોવામાં આવે છે. પરંતુ અનુભવી ઓન્કોલોજીસ્ટ જાણે છે કે આ જ લક્ષણો ઘણી વાર કેન્સરની શરૂઆત હોય છે. જ્યારે દર્દી સામે બેઠા હોય ત્યારે તેની ચાલ, અવાજની તાકાત અને શરીરની સ્થિતિ ડૉક્ટરને સંકેત આપે છે. ફોન પર આ સંકેતો અદશ્ય બની જાય છે. પરિણામે, તપાસમાં મોડું થાય છે અને કેન્સર આગળ વધી જાય છે.

## ‘બધું રિપોર્ટમાં જ છે’- એક ખતરનાક માન્યતા

આજના સમયમાં એક માનસિકતા ઝડપથી વિકસી રહી છે કે સારવાર માટે ડૉક્ટરને સામે મળવાની જરૂર નથી કારણ કે ‘બધું તો રિપોર્ટમાં જ લખેલું છે’ આ વિચાર ખાસ કરીને કેન્સર-કેરમાં અત્યંત ખતરનાક છે. એક જ સ્ટેજ, એક જ બાયોપ્સી અને એક જ સ્કેન ધરાવતા બે દર્દીઓની સારવાર અલગ હોઇ શકે છે. એક દર્દી શારીરિક રીતે મજબૂત હોય છે, બીજો નબળો. એકમાં ડાયાબિટીસ, હૃદયરોગ જેવી અન્ય બીમારીઓ હોય છે, બીજામાં નથી. એક દર્દી કીમોથેરાપી સહન કરી શકે છે, બીજામાં ગંભીર ટોક્સિસીટી થઇ શકે છે. આ બધો ફરક રિપોર્ટમાં નહીં, પરંતુ દર્દીમાં છુપાયેલો હોય છે.

## કીમોથેરાપી અને મોબાઇલ સલાહ : જોખમ શાંતિથી વધે છે

કીમોથેરાપી સામાન્ય દવા નથી. તે કેન્સર કોષો સાથે સાથે સ્વસ્થ કોષોને પણ અસર કરે છે. તેની આડઅસર ઘણી વાર શરૂઆતમાં નાજુક હોય છે- થોડી કમજોરી, ભૂખ ન લાગવી, મોઢામાં બળતરા, હળવા શ્વાસનો પ્રશ્ન. ફોન પર આ લક્ષણો સામાન્ય

**કેન્સરથી મોટી જિંદગી**
**ડો. કૌશલ પટેલ**

લાગી શકે છે પરંતુ અનુભવી ડૉક્ટર જ્યારે દર્દીને સામે જોઇ શકે છે ત્યારે તે સમજી શકે છે કે આ માત્ર સામાન્ય તકલીફ છે કે ગંભીર ટોક્સિસીટીની શરૂઆત. મોબાઇલ કન્સલ્ટેશનમાં આ તફાવત સમજવો મુશ્કેલ બને છે. પરિણામે ઈન્ફેકશન, બ્લડ કાઉન્ટ ઘટવું અથવા અન્ય ગંભીર જટિલતાઓ મોડેથી ઓળખાય છે અને દર્દીને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવો પડે છે.

## ઇમ્યુનોથેરાપી અને ટાર્ગેટેડ થેરાપી : અનુભવ વિના નિર્ણય ખતરનાક

આધુનિક કેન્સર સારવારમાં ઈમ્યુનોથેરાપી અને ટાર્ગેટેડ થેરાપી મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે પરંતુ આ દવાઓ સાથે જોડાયેલાં જોખમો ખૂબ વિશિષ્ટ અને વ્યક્તિગત હોય છે. થોડી ખંજવાળ, હળવા શ્વાસનો પ્રશ્ન કે થાક- આ લક્ષણો રોગપ્રતિકારક ક્ષમતા સંબંધિત ગંભીર

**જ્યારે દર્દી સામે બેઠા હોય ત્યારે તેની ચાલ, અવાજની તાકાત અને શરીરની સ્થિતિ ડૉક્ટરને સંકેત આપે છે. ફોન પર આ સંકેતો અદશ્ય બની જાય છે. પરિણામે તપાસમાં મોડું થાય છે અને કેન્સર આગળ વધી જાય છે**

સમસ્યાની શરૂઆત હોઇ શકે છે. ફોન પર આવાં લક્ષણોને સામાન્ય ગણાવી લેવામાં આવે છે, જ્યારે વાસ્તવમાં તે જીવલેણ બની શકે છે. આવા સંજોગોમાં ફિઝિકલ ચેક-અપ અને નજીકથી અવલોકન અનિવાર્ય છે. મોબાઈલ કન્સલ્ટેશન અહીં ખોટી સુરક્ષાની લાગણી આપે છે.

## કેન્સર દર્દી અને ન કહેલી પીડા

કેન્સર દર્દીઓ ઘણી વાર પોતાની તકલીફો પૂરી રીતે વ્યક્ત કરી શકતા નથી. ‘ડોક્ટરને તકલીફ ન પડે’, ‘આ તો સહન થઇ જશે’ અથવા ‘ફોન પર શું બધું સમજાવીએ’ જેવી માનસિકતા સામાન્ય છે. જ્યારે દર્દી સામે બેઠા હોય ત્યારે ડૉક્ટર ચહેરાની અભિવ્યક્તિ અને અવાજ પરથી ઘણી વાત સમજી જાય છે. મોબાઇલ કન્સલ્ટેશનમાં આ માનવીય સંકેતો ગુમ થઇ જાય છે, પરિણામે દર્દીની પીડા ઓછી આંકવામાં આવે છે અને સારવારમાં જરૂરી ફેરફારમાં મોડું થાય છે.

## ફોલો-અપ : કેન્સર કેરની રીઢ

કેન્સર સારવારમાં ફોલો-અપ માત્ર સ્કેન કે બ્લડ રિપોર્ટ સુધી સીમિત નથી. તેમાં દર્દીનું વજન, પોષણ, દુખાવાનું નિયંત્રણ, માનસિક સ્વાસ્થ્ય અને પરિવારનો સહયોગ સામેલ હોય છે. ફોન પર ફોલો-અપ ઘણી વાર આંકડાકીય બની જાય છે. સતત એક જ ડૉક્ટર દ્વારા દર્દીને જોઇને સારવાર કરવામાં આવે ત્યારે જ સાચી સતતતા આવે છે. મોબાઇલ કન્સલ્ટેશનમાં આ કડી ઘણી વાર તૂટી જાય છે અને દર્દી અલગ અલગ સલાહ વચ્ચે ભટકતાં રહે છે.

## AI, એપ્સ અને ખોટી સલાહ

AI અને એપ આધારિત કેન્સર સલાહ આજકાલ ચર્ચામાં છે. ટેક્નોલોજી માહિતી આપી શકે છે પરંતુ કેન્સર કોઇ એલ્ગોરિધમ પ્રમાણે ચાલતો રોગ નથી. ક્યારે સારવાર ચાલુ રાખવી, ક્યારે રોકવી અને ક્યારે બદલવી- આ નિર્ણય અનુભવ, અવલોકન અને માનવ સમજ પરથી લેવાય છે. AI ‘સ્ટાન્ડર્ડ પ્રોટોકોલ’ સૂચવી શકે છે પરંતુ દર્દી તેને સહન કરી શકે છે કે નહીં, એ તે નક્કી કરી શકતું નથી.

## નૈતિક અને જવાબદારીના પ્રશ્નો

કેન્સર દર્દી શારીરિક, માનસિક અને આર્થિક રીતે નબળા હોઇ શકે છે. આવી સ્થિતિમાં અપૂર્ણ સલાહ, અસ્પષ્ટ જવાબદારી અને ડેટા સુરક્ષાની અનિશ્ચિતતા ગંભીર નૈતિક પ્રશ્નો ઊભા કરે છે. મોબાઈલ કન્સલ્ટેશનમાં આ પ્રશ્નો હજુ પૂરતાં ઉકેલાયેલા નથી.

## નિષ્કર્ષ : સુવિધા કરતાં સમજદારી વધુ મહત્ત્વની

મોબાઈલ કન્સલ્ટેશન કેન્સર-કેરમાં સહાયક બની શકે છે પરંતુ તે શારીરિક તપાસ, અનુભવ અને માનવ સંપર્કનો વિકલ્પ નથી. કેન્સર સારવારમાં દરેક દિવસ મહત્ત્વનો છે, દરેક દર્દી અલગ છે અને દરેક નિર્ણય જીવનને સ્પર્શે છે. અંતમાં સ્પષ્ટ સંદેશ એ છે કે કેન્સર-કેર સ્ક્રીન પરથી શરૂ થઈ શકે પરંતુ દર્દીને સામે બેસાડ્યા વિના તે સુરક્ષિત રીતે આગળ વધી શકતી નથી. સુવિધાની ભાષા પાછળ છુપાયેલાં જોખમોને સમજવું અને સમયસર યોગ્ય સારવાર તરફ વળવું - આ જ સાચી સમજદારી છે.

***ડિસ્ક્લેમર : આ લેખમાં આપવામાં આવેલી માહિતી માત્ર માહિતીના હેતુઓ માટે છે અને તેને તબીબી સલાહ તરીકે ગણવામાં આવવી જોઇએ નહીં. વ્યક્તિગત માર્ગદર્શન અને સારવારના વિકલ્પો માટે કૃપા કરીને ક્વોલિફાઇડ હેલ્થકેર પ્રોફેશનલનો સંપર્ક કરો.***

# લ્યો, આ છવ્વીસ તો શરૂ પણ થઈ ગયું!

## સમય અને દરિયાની ભરતી કોઈની વાટ જોતાં નથી...



આપણે સમયની રાહ જોઈને ભલે બેસી રહીએ પણ સમય આપણી રાહ જોતો નથી. કહો કે એ આપણી વાટ જોવા નવરો નથી. એ તો સતત આગળ ને આગળ ધસ્યા જ કરે છે. કદાચ એ વામણી માનવજાતની સંકુચિત મનોદશા પર હસ્યા પણ કરતો હોય તો નવાઈ નહીં! ગોપીઓ કૃષ્ણની રાહ જોઈ રહી અને એ તો વાલીડો ગયો તે ગયો! એણે તો ગોકુળ છોડીને ગયા પછી પાછું વાળીને જોયું જ નહીં! સમયે કોઈની પરવા નથી કરી, પછી એ મર્યાદા પુરુષોત્તમ રામ હોય, પૂર્ણ પુરુષોત્તમ કૃષ્ણ હોય, દુખિયારી માનવજાતના ઉદ્ધારક તથાગત બુદ્ધ હોય કે કરુણા મૂર્તિ ઈસુ. એણે યુગપ્રવર્તક વિભૂતિઓને એમની હેસિયત સાનમાં સમજાવી દીધી છે. તમે ભલેને લોકોના આરાધ્ય બની રહ્યા, હું તો તમને ‘સમયસર’ એક ઘડીનાયે વિલંબ વગર ઠેકાણે પાડી દેવાનો. મારા વ્યવહારમાં કોઈ વહેરોવંચો કે ગરીબતવંગર જેવો ભેદભાવ નથી. બધાએ કોઈ માતાના પેટમાં પાંગરી નક્કી કરેલા શ્વાસ લેવા સૃષ્ટિમાં અવતરવાનું છે અને નક્કી કરેલી ક્ષણે ચુપચાપ મડદું બની શમી જવાનું છે. સમય મગજ વગરના પોલીસ ઓફિસર જેવો છે, એની ડ્યૂટીમાં કોઈ ચમરબંધીની પણ શેહશરમ રાખતો નથી.

એણે ભલભલાને દબડાવ્યા છે, દોડાવ્યા છે, વધસ્તંભ પર ચડાવ્યા છે, ગોળીએ દીધા છે, ઝેરના પિયાલા પિવડાવ્યા છે, જીવ બચાવવા માટે હિજરત કરાવી છે અને છેલ્લે અગ્નિ કે ધરતીના હવાલે કરી નામશેષ કરી દીધા છે. એણે રાવણનું અભિમાન ઉતાર્યું છે, તો રામને પણ ક્યાં બક્ષ્યા છે? એમને નરી નજરે અગ્નિપરીક્ષામાંથી પાર ઊતરેલી પ્રાણપ્રિયા સીતાને ધરતીના હવાલે થતી જોવી પડી છે. સમય સામે ઈશ્વરને પણ ઝૂકી જવું પડ્યું હોય તો પામર જનસાધારણનું તો શું ગજું?

ગયા વર્ષે બનેલી ઘટનાઓનો ઘટાટોપ શમતાં વાર લાગશે. કદાચ ધારાવાહિકની જેમ અધૂરી કથા એની ગતિએ આગળ વધતી રહેશે કારણ કે સમય કંઈ ગ્રેગેરિયન કેલેન્ડરની આમન્યા રાખવા બંધાયેલો નથી. એ તો સત્ છે અને સતત છે. એ વીફરે છે ત્યારે પૃથ્વીનું સ્વર્ગ ગણાતા સ્વિટ્ઝરલેન્ડમાં પણ મોતનો માતમ ફેલાવી શકે છે અને ખૂણે પડેલા ગરીબડા હબસીને કરોડોની લોટરી જીતાડી શકે છે. એની અગાધ શક્તિઓ સામે ટ્રંપ, જિનપિંગ અને પુતિન જેવા મહારથીઓની સત્તા કે મસ્કથી માંડી મૂકેશ અંબાણીની અખૂટ સંપદા પાણી ભરે છે! જુઓ તો ખરા, એણે બેસતા વર્ષનું સપરમું મુહૂર્ત સાચવીને શાંતિનો આલાપ કરતી રહેલી મહાસત્તાઓને યુદ્ધની ભાષા બોલતી કરી દીધી! યુક્રેનના ખાતમા માટે રશિયા પ્રતિજ્ઞાબદ્ધ છે, તો તાઈવાનને ગળી જવા ડ્રેગન બહાવરું બની ગયું છે. ઈરાનમાં ગૃહયુદ્ધ ફાટી નીકળ્યું છે. એમાં ઇઝરાયેલની પડદા પાછળની ભૂમિકા દેખાઈ રહી છે. અમેરિકા અને ઇઝરાયેલ સાથે મળીને ગાઝાનો ઘડોલાડવો કરવા તૈયાર થઈ ગયાં છે. નાટોનો પનો ટૂંકો પડે છે, છતાં આશાવાદી ઝેલેન્સ્કી એ ખીલો મજબૂત છે એમ માનીને કૂદે છે. ટ્રંપે તો ક્યારનો ડિંગો બતાવી દીધો છે. કોઈ જાતની શરમ વગર પાકિસ્તાન ભારત પર એની અણુ તાકાત અજમાવવાની ધમકી આપી શકે છે. એટલું ઓછું હોય તેમ આરબ દેશો વચ્ચે પણ મારફાડ તડાફડી શરૂ થઈ ગઈ છે. અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચે વેર બંધાયું છે. બાંગ્લાદેશમાં હિન્દુઓને જીવતા સળગાવી દેવાની ક્રૂર રમત ચાલુ થઈ ગઈ છે... સમય શું નથી બતાવતો! બાંગ્લાદેશને સ્વતંત્રતા બિનશરતી અપાવી એ શું ભારતની ભૂલ નહોતી? કેટકેટલા શરણાર્થીઓને વર્ષો સુધી પોષવા પડેલા... કેટલા બધા સૈનિકો શહીદ થયા હશે! એની આજની એ દેશની પ્રજાને મન જાણે કશી કિંમત જ નથી. ખાલિદા ઝિયાના દેશવટો વેઠતા દીકરાને ચૂંટણી પહેલાં જ એણે ભાવિ શાસક તરીકે સ્વીકારવાની તૈયારી દર્શાવી છે.

એ તો જાણે ઠીક. એમાં મોટાં માથાંની હુંસાતુંસી જવાબદાર હોય, પણ કોઈ ભલીભોળી આદિવાસી ગૃહિણીને ગામ આખું ડાકણ ગણી મરણતોલ માર મારી હડધૂત કરી દે, એનો સામાજિક બહિષ્કાર કરી એને આપઘાત કરવા મજબૂર કરે ત્યારે શું સમજવું? આવી ઘટનાઓથી આજની નગરવાસી આધુનિક પેઢી અજાણ હશે પણ ડાંગનાં મહિલા SPને પૂછો તો ખબર પડે કે કહેવાતું આપણું સમૃદ્ધ અને પ્રગતિશીલ ‘મોડેલ સ્ટેટ’ એકવીસમી સદીમાં પણ કેવી અંધશ્રદ્ધાના અંધકાર યુગમાં સબડી રહ્યું છે! એને એમાંથી ઉગારવા કોઈ અવતારની રાહ જોવી પડશે? આદિવાસી સમાજમાં આજે કેટલા બધા રાજકીય આગેવાનો છે! વહીવટી ક્ષેત્રે પણ એ સમાજના અનેક ઉચ્ચ અધિકારીઓએ સફળતાપૂર્વક શાસન સૂત્રો સંભાળેલ છે. આવા સમાજમાં હજી આવી અંધશ્રદ્ધા અકબંધ હોય એ શું આખી ગરવી ગુજરાતની શરમ ન ગણાવી જોઈએ? એનો યુદ્ધના ધોરણે ઉકેલ

**મનકા સિતાર**
**કેશુભાઇ દેસાઇ**

આણવાની ભદ્ર અને ભણેલા સમુદાય સહિત સરકારની પવિત્ર ફરજ ના ગણાય? રોજના હિસાબે હોનહાર જિંદગીઓ હોમાઈ જતી નજરે જોવા છતાં આપણા પેટનું પાણી પણ કેમ હાલતું નથી?

એકવીસમી સદીના ચોથા ભાગનો સમયખંડ વીતી ગયા પછી પણ આપણે જાણે પરોઠના પગલે ભૂતકાળમાં સરી રહ્યાં હોઈએ એવું નથી લાગતું? શું સ્ત્રી માટે હજી સાચી સ્વતંત્રતા સપનું માત્ર છે? ઘરમાં કોઈ માંદગી આવે ત્યારે હજી આપણી જનજાતિ એના ભગત અને ભૂવાને જ શોધતી રહે છે એ કેવું? એક તરફ જિલ્લા દીઠ મેડિકલ કોલેજ મંજૂર કરવાની અને બીજી બાજુ દર્દીને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ અપનાવવા સામે જે વર્ષો જૂની ભ્રામક પરંપરાઓ પ્રચલિત છે એનો શિકાર બનવા દેવો! વ્યાપક લોકશિક્ષણ જરૂરી નહીં, અનિવાર્ય બની જાય આવા સંજોગોમાં. આપણાં હોનહાર બાળકોને પરીક્ષામાં નિષ્ફળતાની બીકે મરવા ન જ દેવાય એમ મહિલાઓને વાસનાનો કે ખોટી માન્યતાઓનો શિકાર પણ ન જ થવા દેવાય. પરંતુ આવી જઘન્ય ઘટનાઓ બનતી જ રહે છે. સ્યુસાઈડ નોટો લખાતી રહે છે. છડેચોક હત્યાઓ થતી રહે છે અને એ માટેની સોપારીઓ અપાતી રહે છે. ભણતર વધ્યું છે પણ ગણતર ઘટ્યું છે. વિશ્વાસ શબ્દ હવે ફક્ત શબ્દકોશમાં રહી ગયો છે. પતિને પત્ની પર વિશ્વાસ નથી રહ્યો, પત્ની પતિને સમર્પિત નથી રહી. ભાઈ ભાઈને દગો દેવામાં વિલંબ કે વિચાર નથી કરતો. પૈસો જ પરમેશ્વરનો પર્યાય બની ગયો છે. એ ખરીખોટી રીતે પણ મળતો હોય તો જિલ્લાનો રાજા ગણાતો કલેક્ટર જેલમાં જવું પડશે એની ખાતરી હોવા છતાં કૌભાંડ આચરવાનું પસંદ કરે છે. આ બધાને ભૂલો કરતાં અટકાવી કે સુધારી શકે તેમ હોય તો તે છે આપણી સંસ્કૃતિમાં અંતર્નિહિત ધર્મસત્તા. ધર્મો ધારયતિ પ્રજા: એવી ધર્મસત્તા જ જ્યારે કટ્ટરવાદી બની જાય કે સંપ્રદાયના સંકુચિત કોચલામાં પુરાઈ જાય ત્યારે એની પાસે પણ કોઈ અપેક્ષા રાખવી નિરર્થક બની જાય છે. નહીંતર ઠેર ઠેર સત્યનારાયણની કથા મંડાય છે, મોરારી બાપુ અને ભાઈશ્રી જેવા સંતોની રામકથા કે ભાગવત સપ્તાહ ચાલતાં રહે છે છતાં સમાજમાં જે બદીઓ દાખલ થઈ ગઈ છે એ તો ઠેરની ઠેર છે! એને બુદ્ધ અને મહાવીર કે ગાંધી જેવા અવતારી પુરુષો કે સંત સાધકો પણ નિવારી શક્યા નથી એ કેવી વિડંબના છે!

**એ સત્ અને સતત છે. એ વીફરે ત્યારે પૃથ્વીનું સ્વર્ગ ગણાતા સ્વિટ્ઝરલેન્ડમાં પણ મોતનો માતમ ફેલાવી શકે છે અને ખૂણે પડેલા ગરીબડા હબસીને કરોડોની લોટરી જીતાડી શકે છે. જુઓ તો ખરા, એણે બેસતા વર્ષનું સપરમું મુહૂર્ત સાચવીને શાંતિનો આલાપ કરતી મહાસત્તાઓને યુદ્ધની ભાષા બોલતી કરી દીધી!**

# મંઝિલ કરતા સફરની મજા ઓર હોય છે

*‘પલ દો પલ કા સાથ હમારા*
*પલ દો પલકે યારાને હૈ,*
*ઈસ મંઝિલ પર*
*મિલને વાલે ઉસ મંઝિલ*
*પે ખો જાને હૈ.’*

મિત્રો જીવન એક સફર છે અને આ સફરને સુહાના બનાવે છે સફર દરમિયાન મળતા જુદા જુદા વ્યક્તિઓ. જન્મથી માંડીને મૃત્યુ સુધીની અનેક ઘટનાઓ, અનેક ગંતવ્ય સ્થાનો એટલે કે મંજિલ. અનેક પડાવો દરમિયાન મળતા જુદા જુદા હમસફર. આ પૈકી કેટલાક યાદ રહે છે અને કેટલાક ભૂલી જવાય છે. ‘ધ બર્નિંગ ટ્રેન’ના ઉપરોક્ત ગીતમાં કહ્યું છે તેમ આપણા બધા વચ્ચેનો સંબંધ પણ બે પલનો છે અને થોડા સમયની મૈત્રી છે. આ મંઝિલ દરમિયાન જે કંઈ વ્યક્તિઓ આપણા પરિચયમાં આવે છે તે સફર સુધી તો આપણી સાથે હોય છે પણ જેવું તેનું સ્ટોપ આવે, સફર પૂરી થાય તેમ એ પાત્ર આપણા જીવનમાંથી જતું રહે છે કેટલાક યાદ રહે છે અને કેટલાક ભુલી જવાય છે.

**મહામંથન**
**ભરત સંઘવી**

*‘સુહાના સફર ઔર યે મૌસમ હસી,*
*હમે ડર હે કે હમ ખો ન જાયે કહી.’*

જીવનસફરમાં કેટલાય લોકો આપણને મળે છે અને ખોવાઈ જાય છે. વિદ્યાર્થીકાળ દરમિયાન, કોલેજ દરમિયાન, વ્યવસાય દરમિયાન, મુસાફરી દરમિયાન, કોઈપણ આર્થિક પ્રવૃત્તિ દરમિયાન કેટલાય લોકોના પરિચયમાં આપણે આવીએ છીએ. કેટલાક લોકોનો સાથ ગાઢ મૈત્રીમાં પરિણમે છે તો કેટલા આંખની ઓળખાણની જેમ ફરી પાછા અદ્રશ્ય થઈ જાય છે. કુદરતનો આ ક્રમ છે. દરેક નવી કૂંપળ ફૂટવા માટે પીળા થયેલા પર્ણનું ખરવું નિશ્ચિત હોય છે. દરેકને પોતાની એક મંઝિલ હોય છે એ મંઝિલ આવતા જ જીવનરૂપી ગાડીમાંથી એ સ્ટોપ ઉપર તે ઉતરી જાય છે. તો નવા બીજા મુસાફરો પણ આપણી સાથે જોડાઈ જાય છે. કેટલાકની સાથે લાગણીનો, મૈત્રીનો નાતો બંધાય છે તો કેટલાક ‘હાય, હેલો’ કરી ફરી પાછા દુનિયાની ભીડમાં ખોવાઈ જાય છે.

મિત્રો, ક્યારેક મંઝિલ કરતા સફરની મજા વધુ હોય છે. અફકોર્સ ડેસ્ટિનેશન માટે- ગંતવ્ય સ્થાન માટે આપણે મુસાફરી શરૂ કરી હોય તે જુદા જુદા પડાવ પછી પહોંચે તો તેનો આનંદ થવો એ સ્વાભાવિક છે. પણ પણ આ મંઝિલ મળે ત્યાં સુધી વચ્ચે જે-તે લોકોનો સાથ સહકાર મળે ત્યારે મંઝિલ કરતા સફર સુહાની બની જાય છે.



જીવનના જુદા જુદા પ્રસંગોએ કે પડાવ ઉપર મળેલા અને ફરી પાછા ભીડમાં ખોવાઈ ગયેલા મુસાફર અચાનક ઘણા વર્ષો પછી મળે તો તેને મળવાનો આનંદ અનેરો હોય છે. એમાંય કોઈ ગમતો ચહેરો- સુગંધી હમસફર અચાનક મળે તો આશ્ચર્યનો અને આનંદનો પાર નથી રહેતો.

સુખ વહેંચવા માટે પણ કોઈ સાથીદાર તો જોઈએ ને! અને આવો કોઈ સુગંધી સાથ મળે તો સુખનો ગુણાકાર થાય છે. ટ્રેનની લાંબી સફરમાં જ્યારે કોઈ આવો સાથ મળી જાય તો આપણને એવું લાગે છે કે મંઝિલ આવે જ નહીં, બસ વાતો કરતા જ રહીએ વાતો કરતા જ રહીએ. ‘આપકે પેર નીચે મત રખના મેલે હો જાયેંગે’ જીવન સફરમાં આવો સુહાનો સથવારો પણ મળી જતો હોય છે. હિન્દી ફિલ્મના બધા ગીતોનો એક જ સાર છે કે જીવન સફરમાં જો હમસફર મળી જાય તો સફર આનંદદાયક અને સરસ બની જાય છે.

દૂરના અંતરે પ્રવાસ ઉપર જતા લોકોમાંથી ઘણા લોકો ફ્લાઈટને બદલે ટ્રેનની મુસાફરી પસંદ કરતા હોય છે કારણ કે બે કે ત્રણ દિવસની આ મુસાફરીમાં સગાવાલા સાથે, મિત્રો સાથે, કલિગ સાથે ધમાલ-મસ્તી, ગીતો, અંતાક્ષરી, જાત જાતના ભોજન વગેરેની મજા માણતા, મસ્તી કરતા ડેસ્ટિનેશન સ્થળ ઉપર પહોંચવાની મજા જ કંઈક ઓર હોય છે. મુસાફરી દરમિયાન વચ્ચે આવતા પ્રાકૃતિક ધોધ, હરિયાળી વગેરે આ મુસાફરીને વધુ રોમાંચક અને આનંદદાયક બનાવે છે. ખાસ કરીને દક્ષિણના રાજ્યોમાં જતી ટ્રેનોમાં અદભુત ગિરિમાળાઓના જલપ્રપાત, હરિયાળી મનને મોહી લેતા હોય છે. એટલે જ કહેવાય છે કે મંઝિલ કરતા સફર વધુ સુહાની હોય છે.

મિત્રો, ઈશ્વરે આ દુનિયાને એટલી રંગીન અને માણવાલાયક બનાવી છે કે આ સુખ કોઈ એક વ્યક્તિ માણવાને બદલે જો તમારી સાથે તમારા જીવનસાથી, હમસફર હોય તો મજા બેવડી થઈ જાય છે એટલે જ કવિ કહે છે-

*‘જિંદગી કીતની ખૂબસૂરત હૈ,*
*આઈએ આપકી જરૂરત હૈ!’*

હા, કેટલીક વાર સુખ વહેચવાથી, ગમતાનો ગુલાલ કરવાથી તેની મજા બેવડી થઈ જાય છે.

**મુસાફરી દરમિયાન વચ્ચે આવતા પ્રાકૃતિક ધોધ, હરિયાળી વગેરે આ મુસાફરીને વધુ રોમાંચક અને આનંદદાયક બનાવે છે. ખાસ કરીને દક્ષિણના રાજ્યોમાં જતી ટ્રેનોમાં અદભુત ગિરિમાળાઓના જલપ્રપાત, હરિયાળી મનને મોહી લેતા હોય છે. એટલે જ કહેવાય છે કે મંઝિલ કરતા સફર વધુ સુહાની હોય છે**

### ભરત મંત્ર

દરેક મંઝિલનો અંત નવી મંઝિલની શરૂઆત હોય છે.